ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

હારીને લોકડાઉનથી હવે ભીડમાં ભટકે છે,
કાળમૂખા કોરોનાને હવે, કૂણાં બાળ ખટકે છે
ચટકે છે જીભ કોરોનાની રહેજો સૌ સાવધાન -
બેદરકારોની બહાદુરી પર જ એ ત્રાટકે છે!

હાઈકુ

- એ, ગયો નથી!
છૂપાયો છાનોમાનો -
આંકડા ઓથે -
(વાગે છે ટકાવારીનાં ઢોલ-ત્રાંસાં)

જે બચી ગયા -
તેના ક્રોધે ખાય એ
દાંત ને નાક!

### ચિંતન

શશિ દિવાકરયોર્ગ્રહપીડનં ગજભુજંગમયેરપિ બંધનમ્ ।
મતિમતાં ચ વિલોક્ય દરિદ્રતા વિધિરહો બલવાન ઈતિ મે મતિઃ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

સૂર્ય અને ચંદ્ર જેવા બળવાન ગ્રહોને પણ ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણના દ્વારા રાહુ ગ્રસ્ત કરી લે છે.

હાથી અને ફણીધર સર્પને પણ લોકો બંધી બનાવે છે. મોટા મોટા બુદ્ધિમાન લોકોની દરિદ્રતા સ્પષ્ટ દેખાય છે. એટલે એવું દેખાય છે કે વિધિ જ ખરેખર બળવાન છે.

અત્યારના કોરોનાકાળમાં માણસની યોગશક્તિ, તંદુરસ્તી, ધન-દોલત કંઈ જ કામ આવતું નથી. વિધિના લેખ અને કર્મો ક્યારે કોરોનાના સકંજામાં પકડાઈ જાય એ માત્ર ને માત્ર વિધિ જ જાણે છે કોરોના / મૃત્યુને તો અભણ પણ સરખો અને ડોક્ટર પણ સરખો. વિધિ-વિધાતા જ મહાન છે.

### સુવિચાર

- ઉપકારી ને જે યાદ ન કરે અપરાધીને જે માફ ન કરે એનું જીવન નિરર્થક છે - **જીવન પાથેય**
- સુખ બીજાથી, શાંતિ બીજાથી,
  સલામતી બીજાથી,આ ભ્રમથી આપણે વહેલામાં વહેલી તકે મુક્ત થઈ જવાની જરૂર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર એવો ક્ષમાવાન છે કે આપણને હંમેશા પસ્તાવાની તક આપે છે - **સંત રોબિન**
- શરીર સેવક અને મન માલિક, આ છે જીવનનો અંધકાર અને મન સેવક અને આત્મા માલિક,
  આ છે જીવનનો પ્રકાશ - **પરિત્રાણ**
- ભક્તિમાં બુદ્ધિ કામમાં નથી આવતી, શુદ્ધિ કામમાં આવે છે - **મોરારિ બાપુ**
- મોહથી વિકાસ ઉત્પન્ન થાય છે, પ્રેમથી સંસ્કાર ઉત્પન્ન થાય છે - **સ્વામી રામતીર્થ**
- આજનું ઔષધ : એક એરટાઈટ પાત્રમાં દસ કાળી દ્રાક્ષ, બે ચમચી આખા ધાણા અને અનાનસનાં ટૂકડા, ચપટી મરી પાઉડર અને ખડી સાકર મિક્સ કરી તેનું નિયમિત સેવન કરવાથી આધાશીશીની સમસ્યામાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અંગ્રેજ શાસક વખતે પૂનામાં પ્લેગનો ઉપદ્રવ થયો. એ વખતે સરકારે લીધેલા પગલાંથી લોકો ત્રાહિમામ પોકારી ગયા. મિસ્ટર રેન્ડ અને મિસ્ટર આર્યસ્ટ બે અધિકારી લોકોનું અપમાન કરતા અને અમાનવીય વર્તન કરતાં. દામોદર, ચાફેકર, બાલકૃષ્ણ ચાફેકર, અને વાસુદેવ ચાફેકર ત્રણે સગા ભાઈઓએ અંગ્રેજોના અત્યાચારો સામે બદલો લેવાનો નિર્ધાર કર્યો. આ બંને અંગ્રેજ અધિકારીને ધોળાદિવસે ગોળીમારી ઉડાવી દીધા. પોલીસે ત્રણેની ધરપકડ કરી અને એમને ફાંસીની સજા થઈ. આ ત્રણેની માતા પ્રત્યે દેશમાં સહાનુભૂતિની લહેર જામી. ફાંસી અપાયાના એકાદ મહિનામાં સ્વામી વિવેકાનંદના શિષ્યા સિસ્ટર નિવેદિતા તેમના માતાને મળવા પૂના આવ્યા. તેમણે ધાર્યું હતું કે ચાફેકર ભાઈઓની માતા ખુબ દુઃખી હશે. કારણ કે ત્રણે દીકરાના મોત થતાં તેમનો ઘડપણનો સહારો જાણે છીનવાઈ ગયો. સિસ્ટર નિવેદિતા એમનાં ઘરે પહોંચ્યા ત્યારે ત્રણ સપૂત ગુમાવનાર માતા હાથ જોડીને એમને આવકારવા બારણે ઊભા હતા. સિસ્ટર નિવેદિતાની આંખમાં સહાનુભૂતિના આંસુ જોઈઈને સપૂતોની માતાએ કહ્યું, 'આપ તો તપસ્વી છો. તમે દુનિયાના મોહમાયા ત્યાગી દીધાં છે. આપને કેમ રડવું આવ્યું. મને તો ગૌરવ છે કે મારા ત્રણેય દીકરા ક્રાંતિકારી બન્યા અને શહિદી વહોરી લીધી. મને હજી દુઃખ એટલું કે મારે હવે બીજું કોઈ સંતાન નથી કે જેને હું ભારત માતાને અર્પણ કરી શકું.' સિસ્ટર નિવેદિતા ખુદ રોઈ રહ્યા હતા. એમને કહ્યું 'હે મહાન માતા ધન્ય છે તમને. તમે ભારતનાં સાચા માતા છો. દેશમાં આપના જેવા ધન્ય માતાઓ છે, ત્યાં સુધી આ દેશનું કોઈ અહિત નહીં કરી શકે.'

# નેતાઓ વચ્ચેની ગોલાલડાઈથી પ્રજા પરેશાન

**તંત્રીસ્થાનેથી...**

મોટા માણસોએ મોટું મન પણ રાખવું જોઈએ. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને એમના પૂર્વસૂરિ બરાક હુસેન ઓબામા વચ્ચે નાના અને મોટા માણસનો તફાવત બહુ સ્પષ્ટ દેખાય. ટ્રમ્પનું બાલિશ અને કિન્નાખોરી ભર્યું વર્તન અમેરિકા જેવા મહાન રાષ્ટ્રને દુનિયાની નજરમાં વામણું બનાવી શકે જયારે ઓબમા સૌજન્યસભર વ્યક્તિત્વથી એ વધારે ઉજમાળું લાગે. આવું જ દરેક દેશ માટે કહી શકાય. પાકિસ્તાન જેવા દેવાળિયા દેશમાં નવાઝ શરીફ જેવા શરીફ વડાપ્રધાન પણ પાકે અને મુશર્રફ જેવાં લુચ્ચાં શિયાળ પણ શાસન કરી જાય. ભારત ગરિમાપૂર્ણ વારસો ધરાવતો દેશ છે. એની પાસે 'વિશ્વગુરુ'ની વણલખી પદવી હતી અને આજે પણ વધતા-ઓછા પ્રમાણમાં એ બરકરાર છે. પરંતુ પંડિત નહેરુ કે અટલ બિહારી વાજપેયીની શાલીનતા વર્તમાન નેતાઓમાં શોધી નહીં જડે. એક સમય હતો જયારે ઊભરતા વિપક્ષને શાસક પક્ષ પ્રોત્સાહન આપતો હતો. પંડિત નહેરુએ નવા સવાં સાંસદ બનેલા યુવાન અટલ બિહારી વાજપેયીની પીઠ થાબડીને એમનામાં ભાવિ વડાપ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષાનાં બી રોપ્યાં હતાં. ઈંદિરા ગાંધીમાં એ ગરિમાનાં દર્શન ત્યારે થયાં હતાં જયારે અમેરિકન પત્રકાર સીમુર હર્ષે મોરારજી દેસાઈ પર સીઆઈએના એજન્ટ હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. કટ્ટર વિરોધી અને કડવાબોલા મોરારજી દેસાઈ વિશે આવા ગંદાગોબરા આક્ષેપથી ઈંદિરાજી સમસમી ઊઠેલાં. કાળક્રમે આવી ગરિમાનો ગ્રાફ નીચે ઉતરતો ગયો છે. રાજીવ ગાંધીએ યુનાઈટેડ નેશન્સની બેઠકમાં પોતે હાજરી આપવાને બદલે કોંગ્રેસના કડક ટિકાકાર અટલજીને દેશનું પ્રતિનિધિત્વ કરવા મોકલી આપ્યા હતા એ પણ યાદ આવે. છેલ્લે ડૉ. મનમોહનસિંહમાં એ ગરિમા અકબંધ હતી. તકલીફ એ હતી કે એમને પડદા પાછળથી શાસન કરતાં યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી અને એમના રાજકીય સલાહકાર અહમદ પટેલના દોરીસંચાર મુજબ વર્તવું પડતું હતું. વર્તમાન નેતાઓમાં આવી ગરિમાનો સંપૂર્ણ છેદ ઊડી ગયો છે એમ તો નહીં કહી શકાય. નવીન પટનાયક જેવા લોકપ્રિય મુખ્યંત્રી ઓછું બોલીને વધુ કામ કરી જાણે છે. વાવાઝોડા વખતે વડાપ્રધાન એમની મદદે ધાયા તો એમને કશી જ માગણી ન કરી. કહ્યું કે અમે તો આવા વાવાઝોડાંથી ટેવાઈ ગયા છીએ અને આ વાવાઝોડું પણ અમારી રીતે હલ કરી દઈશું ! કશો વિવાદ નહીં, કોઈ ટિપ્પણ નહીં. પશ્ચિમ બંગાળમાં મોદી અને મમતા વચ્ચે 'ઈગો'ની ટકરામણ ચાલી એથી બેઉ નેતાઓની ઈમેજ ઝંખવાઈ છે. વિપક્ષી નેતાને અને રાજયપાલને બેઠકમાં કેમ બોલાવ્યા એ મુદ્દે મમતા વંકાયાં. એમના મુખ્ય સચિવ સાથે મોડાં પહોંચ્યાં અને તારાજગી અને નારાજગી દર્શાવી રવાના થઈ ગયાં. સ્વાભાવિક છે કે એમાં વડાપ્રધાનને અપમાન લાગે. પરંતુ એ અપમાનનો બદલો મુખ્યમંત્રીના આદેશથી બંધાયેલા મુખ્ય સચિવ પર લેવાની રીત બરાબર ન ગણાય. કેન્દ્ર સરકારે તાબડતોબ મુખ્ય સચિવને 'રિલીવ' કરી દિલ્હી મોકલવા આદેશ કર્યા જે માને તો એ મમતા શાનાં? મમતાની સામે ચૂંટણીમાં ભૂંડી હાર જીરવાતી નથી એ ભાજપ અને મોદીની નબળાઈ જ ગણવી રહી. મુખ્ય સચિવને મમતા બેનરજીએ ધરાર ન જ છૂટા કર્યા, બલકે રાજીનામું અપાવી પોતાના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કરી દીધા. કેન્દ્ર પાસે અમર્યાદ સત્તાઓ છે એટલે હવે એ નિવૃત્ત મુખ્ય સચિવની પાછળ પડી કાયદાકીય કાર્યવાહી કરશે. આ ગોલાલડાઈ નથી તો બીજું શું છે ? એક તરફ દેશની પ્રજા કોરોના જેવી મહામારી સામે ઝઝૂમી રહ્યો છે; સુપ્રીમ કોર્ટ કેન્દ્ર સરકારને રસીકરણ મુદ્દે કાન આમળી આમળીન સવાલો કરી રહી છે ત્યારે પોતાની અંગત લોકપ્રિયતાના જોરે હેટ્રિલ લગાવનાર મહિલા મુખ્યમંત્રી સામે કેન્દ્ર અર્થાત વડાપ્રધાન સીધો જ મોરચો માંડે છે એથી દેશના નેતૃત્વ વિશેનો અભિપ્રાય અધ્યાહાર જ રહી જાય કે બીજું કાંઈ ?

# છેવટે તો તેને એક દિવસ નવી જિંદગીની શરુઆત કરવાની જ હતી



**નવાં કલેવર**

નટવર હેડાઉ

બસમાંથી તે પોતાના ગામે ઉતરી ત્યારે સાંજના સાત વાગી ગયા હતા. ચારે તરફ અંધારું છવાયેલું હતું. કયાંક કયાંક ઘરોમાં વીજળીના દિવાનું અજવાળું દૃષ્ટિગોચર થતું હતું. તો દૂર કયાંક ભસતાં કૂતરાઓનો અવાજ વાતાવરણની નિસ્તબ્ધતાનો ભંગ કરતો હતો. અચાનક કોઈ દુઃખદ સ્મૃતિઓ દિલો-દિમાગમાં ટકોરા મારવા લાગી. અને નિશા આગળ વધતી અચાનક અટકી ગઈ એટલે નિલયે પુછ્યું 'નિશા શું થયું ?' ગામમાં આવતાં નિશાને એમ લાગ્યું જાણે કે ઘણું બધું બદલાઈ ગયું છે. એવું તે શું થઈ રહ્યું છે કે એક ક્ષણ એમ લાગે છે કે બધું જાણીતું છે તો બીજી ક્ષણે લાગે છે પોતે અહીં કયારેક આવી જ નથી.

અચાનક શેરીના ખૂણે ચિંતનની મમ્મી જેને તે માસી કહેતી, જે તેમનાં પાડોશી હતા. એક થેલીમાં કંઈક લઈને આવતાં દેખાયાં. નિશાને જોતાં જ તે ભાગીને આવ્યાં અને તેને બાથ ભરી લીધી. બંનેની આંખોમાં સ્નેહના આંસુ છલકાયા અને હૂંફનો અનુભવ થયો. તેમણે નિશાના ખબરઅંતર પૂછ્યા. અચાનક તેમનું ધ્યાન નિલય તરફ ગયું. તેમણે નિશા તરફ જોયું. નિશા તેનો અર્થ સમજી ગઈ. અને તેણે કહ્યું કે મારા બોયફ્રેન્ડ છે. અમે એક જ ઓફિસમાં કામ કરીએ છીએ. માસીના ઘરે આવતો હતો તેથી તે પણ સાથે આવી ગઈ. કેમ કે તેની બહેનપણીનાં અમદાવાદમાં લગ્ન હતાં. તેમાં તેને આવવાનું જ હતું. કેમ કે તે તેની એક માત્ર સહેલી હતી. તેથી નિશાને એમ થયું કે એ બહાને માસીને પણ મળી લેવાશે. બે ત્રણ કલાક રોકાશે પછી રાતે દશની બસમાં શહેર જતી રહેશે. જ્યાંથી તેને સવારે ગાડી પકડવાની છે. નિલય તો માસીના પતિ સાથે વાતે ચડી ગયો. માસી અને તેમની દીકરી રસોઈ બનાવતાં હતાં. નિશા માસીને કહીને તેમના ઘરની પાસે જ આવેલ પોતાનું ઘર જોવા ગઈ. સાથે તે માસીના માના દીકરીને પણ લેતી ગઈ.

બારણું ચિત્કાર કરતા અવાજ સાથે ખુલ્યું. નિશા ઘરમાં પગ મૂકતાં જ બેચેન થઈ ગઈ. હવે તે ઘરની હાલત એવી હતી કે બહારથી તો તે ઘર હતું પરંતુ ચાર દિવાલો અને છત જ એક ભયાનક શૂનકાર અને ડરની દાસ્તાન રજૂ કરતું હતું. એથી વધુ કંઈ જ નહીં! અને નિશાની નજર સામે એ બધું કોઈ ચલચિત્રની જેમ આવવા લાગ્યું છે બન્યું હતું. તેના પપ્પા નિવૃત્ત પોલીસ અધિકારી હતા. મમ્મી ગૃહિણી હતાં. ઘરમાં નિશાનો એક ભાઈ કૌશલ અને નાની બહેન કામીની હતી. તેની કૉલેજના ત્રીજા વર્ષની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી હતી. તે દિવસોમાં આખી દુનિયા પર કોરોનાનો કહેર છવાયેલો હતો. પરીક્ષા આપી તે ઘેર આવી ચૂકી હતી. તે વડોદરા હોસ્ટેલમાં જ રહેતી હતી. તેથી રજાઓ પડતાં જ ઘેર આવી જતી. પણ આ વખતે ગામમાં કોઈ અદૃશ્ય ભયનો ઓછાયો અનુભવાતો હતો. તેના પિતાનું શરીર તાવમાં ધખતું હતું. ખાંસી અને શ્વાસની તકલીફ અનુભવાઈ રહી હતી. ગામના દાકતર પાસેથી દવા લીધી હતી. પણ કોઈ ફરક જણાતો ન હતો. ઘરમાં બીજા સદસ્યો પણ સંક્રમિત થતાં હોય તેમ લાગતું હતું. તાત્કાલિક ૧૦૮ને બોલાવી પપ્પાને શહેરની હોસ્પિટલમાં મોકલી આપ્યા. મમ્મી અને ભાઈ, બહેનને હોમ કોરન્ટાઈન રાખી સારવાર ચાલુ કરાવી. આરોગ્ય વિભાગમાં જાણ કરતાં તેમની ટીમ આવી ઘરનાં બધા સભ્યોના RT-PCR ટેસ્ટ કર્યા. જેમાં માત્ર નિશા જ નેગેટીવ આવી. પોઝીટીવ સભ્યોની દેખભાળની જવાબદારી હવે તેની હતી. માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ જાળવીને નિશા બધાની સેવા કરવા લાગી. એક પછી એક ઘરનાં તમામ સભ્યોની તબિયત બગડતાં બધા હોસ્પિટલમાં દાખલ થયાં. પહેલાં પપ્પા અને પછી એક બે દિવસના અંતરે મમ્મી અને ભાઈ, બહેનના મૃતદેહો પ્લાસ્ટિક કોડીંગમાં આવતા ગયા. અગ્નિ સંસ્કાર વિધિ કરતાં નિશા ભાંગી પડી. નિશા સિવાય હવે ઘરમાં કોઈ રહ્યું ન હતું. પણ જાણે વિધાતા એ નિશાને દારૂણ આપવીતીની દુઃખદ યાદોને સહન કરવા જીવતી રાખી. નિશાની જિંદગીમાં શૂન્યતા વ્યાપી ગઈ.

તેના પિતાના મિત્ર તેને મુંબઈ લઈ ગયા. જયાં તેનું કુટુંબ હતું. તેમણે પાડોશમાં રહેતા માસીને કહ્યું કે નિશાને તેઓ મુંબી લઈ જાય છે. જેથી આ વાતાવરણથી દૂર નવી જિંદગીની શરુઆત કરી શકે. મુંબઈનાએ ઘરમાં તેને તમામ સુખ-સુવિધાઓ મળી હતી. માત્ર એકલતા અને ભય તેને ઘણી વખત અચાનક ઘેરી લેતો હતો. તેનું મન કામમાં લાગે અને તે ઘેરથી બહારના વાતાવરણમાં કોઈની સાથે હવે મળે તે માટે તેના કહેવાથી અંકલે તેને એક ઓફિસમાં નોકરી અપાવી દીધી હતી. ત્યાં જ તેની નિલય સાથે મુલાકાત થયેલી અને ધીરે ધીરે દોસ્તીમાં બદલી ગઈ. એક દિવસ નિલયે તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો પણ તે કંઈ બોલી નહીં. ત્યારે નિર્ણય નિશા પર છોડી દીધો. તે વિચારતી હતી કે શું જૂની યાદો હજુ તેના મન પર છવાયેલી છે. હવે નવી જિંદગી શરુ કરવી કે જૂના દુઃસ્વપ્નોમાં ઘેરાયેલા રહેવું.

છેવટે તો તેને એક દિવસ નવી જિંદગીની શરુઆત કરવાની જ હતી. જે નવી આશા અને ઉંમગથી ભરેલી હોય. કયાં સુધી તે એકલી અસીમ આકાશરુપી સંસારમાં પોતાની દુઃખો ભરી યાદોને લઈને ઉડતી રહેશે.

એક સ્થિરતા માટે જીવનની આ સફરને નવો વળાંક આપવા એક નવો નીડ બનાવવાની જર હતી. અને અચાનક નિશાની આંખોમાં હર્ષના આંસુ છલકા આવ્યાં. આ આંસુ એક દઢ નિશ્ચય સાથે નવો માળો રચવા માટેનાં હતા. સ્વ માટે સ્વજનો માટે.

# સતત એક ડર : પોતે બોલશે તો આપણે વચ્ચે બોલશું જ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

**(વિચારબીજ : શ્રીમતી ગોપી સુચિન ત્રિવેદી, અમદાવાદ)**

થોડા વર્ષો પહેલા દૂરનાં એક મિત્રને ત્યાં એક વ્યવહારીક કામ માટે જવાનું થયું. જેમને ઘેર અમે ગયા હતા ત્યાં અમારી તેમની પત્ની, તેમના માતા-પિતા અને તેમનાં ભાઈ-ભાભી પણ ઉપસ્થિત હતા. અમારી વાતચીત દરમ્યાન મેં એક બાબતનું નિરીક્ષણ કર્યું કે પેલા મિત્રના કોઈપણ કુટુંબીજન કંઈપણ વાત કરે તો તેમાં એ મિત્ર કાં તો ટાપસી પૂરાવતાં રહે કાં તો તેમની વાતમાં આડુંઆડું બોલતા રહે. એકવાર નહિ, બેવાર નહિ પણ અમે તેને ત્યાં બે કલાક જેટલો સમય બેઠાં તે દરમ્યાન લગભગ આઠ-દસ વાર આવું બન્યું. એ સમયે તો એ બાબત ઉપર ખાસ એટલું ધ્યાન ન ગયું પણ એ બાબતની મનમાં નોંધ તો થઈ ગઈ.

ત્યાર પછી એ ત્યાં વરસમાં ત્રણચાર ત તેમને ત્યાં જવાનું થાય અને જયારે જઈએ ત્યારે બેત્રણ કલાક તો તેમની સાથે રહેવાનું બને. એ મિત્રની ટેવ એ જ રહી કે તેમનાં કુટુંબીજન કંઈપણ કહે તેમાં વચ્ચે કાં તો ટાપસી પૂરે, કાં તો તેની વિરુધ્ધમાં બોલે, કાં તો તેની સામે દલીલો કરે. કોઈપણ વ્યક્તિ આવું કરે ત્યારે સ્વાભાવિક રીતે આપણાં મનમાં પહેલી એવી છાપ પડે કે એ વ્યક્તિ એવું સાબિત કરવા માંગે છે કે પોતે જ સાચા છે અને પોતાની પાસે વધારે જ્ઞાન અને અનુભવ છે. એ મિત્રનું આ પ્રકારનું વર્તન માત્ર તેનાં કુટુંબીજનો પુરતું જ માર્યાદિત ન હતું પણ તેમનાં નજીકનાં સંબંધીઓ અને મિત્રો સાથે પણ તેમનું આ પ્રકારનું જ વર્તન હતું. ક્યારેક ક્યારેક મજાક-મશ્કરીમાં તેમનાં પત્ની તેમને એવી ટકોર પણ કરે કે ''દરેક વાતમાં તમારે તો આડુંઆડું બોલવાનું જ.''

સમય જતાં, એ મિત્રની વધારે નજીક આવ્યો ત્યારે પેલી પહેલે પડેલી છાપ ભૂંસાઈ ગઈ. કારણકે એ મિત્રનું આ પ્રકારનું કોઈને નુકશાન કરવા માટે, કોઈને ઉતારી પાડવા માટે કે કોઈ વ્યક્તિને નીચી દેખાડવા માટે ન હતું. એ મિત્રની આ પ્રકારની એક ટેવ જ હતી જેને સૌ કોઈએ સ્વીકારી લીધી હતી. એમનાં એવા વર્તનને તેમનાં કુટુંબીજનો, મિત્રો કે સંબંધીઓ પણ ક્યારેય ગંભીરતાથી લેતા ન હતા.

આપણે જયારે આપણી ટેવવશ, કોઈપણ જાતનાં મલિન ઈરાદા વિના, મજાક-મશ્કરી જ કરવાના મિજાજ સાથે આપણા કુટુંબીજન કે સંબંધીઓ સાથે આ પ્રકારનું વર્તન કરીએ છીએ ત્યારે આપણને તો આપણું વર્તન એકદમ સ્વભાવિક જ લાગતું હોય છે. આપણા એ કહેવાતા સ્વભાવિક વર્તન થકી એ વ્યકિતની લાગણીને કેટલી ઠેસ પહોંચતી હોય છે જેની વાતમાં આપણે હસ્તક્ષેપ કરતાં હોઈએ છીએ.

જે સ્નેહી વિરુધ્ધ આપણે દલિલો કરતા હોઈએ છીએ, જેમની વાતમાં આપણે હસ્તક્ષેપ કરતા હોઈએ છીએ, જેમની વાત ખોટી ઠેરવીને આપણો જ કક્કો સાચો એવું સાબિત કરતા હોઈએ છીએ એ વ્યકિતની સૌની વચ્ચે માનસિક દશા કફોળી થતી હોય છે અને ક્યારેક તેમણે નીચા જેવાપણું થતું હોય છે. આપણી હરકતો થકી એ વ્યકિત સૌની વચ્ચે ક્યારેક અજ્ઞાની કે મુર્ખ સાબિત થતી હોય છે અને એ વ્યકિત વિષે લોકોમાં એવી છાપ પડતી હોય છે કે તેને કશી જ ગતાગમ નથી, તેનામાં વ્યવહારિકતા નથી. આમ આપણી એક સ્વાભાવિક ટેવને કારણે આપણાં કુટુંબીજનની છાપ હંમેશ માટે ખરડાઈ જતી હોય છે જેની આપણને જાણ નથી હોતી.

આપણા આ પ્રકારનાં વર્તન થકી આપણે જાણ્યે-અજાણ્યે વચ્ચે આપણે ક્યારેક એવી છાપ પણ ઊભી કરી દેતા હોઈએ છીએ કે જે કુટુંબીજનની વાત વચ્ચે આપણે આડું આડું બોલતા હોઈએ છીએ તેની અને આપણી વચ્ચે સારા સંબંધો નથી. એકવાર આ પ્રકારની છાપ પડી ગઈ પછી એ છાપને ભૂંસવી ખુબ જ મુશ્કેલ બનતું હોય છે.

આપણાં કુટુંબીજન, સંબંધીઓ કે મિત્રો સાથે આપણું આ પ્રકારનું વર્તન જો કાયમ રહે તો કદાચ એવું બને કે તેને આપણાં પ્રત્યે ગુસ્સો આવે. આપણાં ઉપરનો એ ગુસ્સો ક્યારેક બીજા લોકોની હાજરીમાં વ્યક્ત કરી લે. ક્યારેક એ આપણાંથી રિસાઈ પણ જાય. ક્યારેક એવું પણ બને કે એ બીજા લોકોની અને આપણી હાજરીમાં એ મૌન બની જાય કારણ કે તેમને સતત એક ડર રહેતો હોય છે કે પોતે બોલશે તો આપણે તેમની વચ્ચે બોલશું જ. આમ, ધીમેધીમે એ સ્નેહી અને આપણી વચ્ચેનું અંતર ધીમેધીમે વધતું જાય અને આત્મીયતા ઓછી થતી જાય. કદાચ એક ક્ષણ એવી આવી જાય કે બંનેના સંબંધો વચ્ચે એક અદ્રશ્ય દીવાલ ઊભી થઈ જાય. એવી દિવાલ જેને આપણે જોઈ પણ ન શકીએ, એ દિવાલને આપણે કુદી પણ ન શકીએ અને એ દિવાલને આપણે તોડી પણ શકીએ.

આપણી પોતાની આ પ્રકારની ટેવ હોય છે કે નહિ તેની મોટેભાગે આપણને ખબર નથી હોતી અને ખબર ન હોય એ પણ સ્વભાવિક છે કારણ કે આપણી મોટાભાગની ટેવોની આપણને ઓછી ખબર હોય છે. આમ છતા જો આપણા કોઈ સ્નેહી-સંબંધી આપણને આપણી આ ટેવને લઈને ટોકે કે રોકે, તેના તરફ આપણને અંગુલીનિર્દેશ કરે ત્યારે તેને આપણે નજરઅંદાજ ન કરી શકીએ બલ્કે આપણી એ ટેવ ઉપર વિશેષ ધ્યાન દેવું જરૂરી બનતું હોય છે.

બીજી તરફ આપણું કોઈ સ્નેહી-સંબંધી પોતાની ટેવવશ આપણી સાથે આ પ્રકારનું વર્તન કરતા હોય, આપણને ખબર હોય કે આ તેની ટેવ માત્ર છે પણ તેમનાં ઈરાદાઓ નેક છે તો આપણે તેની ટેવને નજરઅંદાજ કરીને સંબંધોને આંચ ન આવે તેની તકેદારી રાખીએ. એ સ્નેહીનાં એવા વર્તન માટે તેમને આપણે તેને જાહેરમાં સતત રોકટોક પણ ન કરીએ અને તેમની આબરુને અકબંધ રાખીએ. આવું કરવાથી એ સ્નેહી સાથેના આપણાં સંબંધોને આપણે અકબંધ રાખી શકશું.

આપણે સૌ આત્મવિશ્લેષણ કરીએ કે આપણને કઈ પ્રકારની ટેવ છે. આપણને કોઈની વાતચીતમાં આડુંઆડું બોલવાની તાવ છે, કોઈ આપણી વાતમાં આડુંઆડું બોલે ત્યારે તેને ટોકવાની ટેવ છે કે બંને પરિસ્થિતી આપણને લાગુ પડે છે? જે કંઈ હોય એ, આપણે તકેદારી રાખીએ અને આપણાં સંબંધોને સાચવવા સતત પ્રયત્નશીલ રહીએ.

# શ્રદ્ધા-અંધશ્રદ્ધા, તથ્યો, પુરાવા, માન્યતામાં કેદ ના બનાવો



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજના વિશ્વની સમસ્યા અને ખાસિયત એ છે કે તમામ લોકો પાસે બધુ હોવા છતાં તે સુખ અને શાંતિની શોધમાં પ્રતિદિન હતાશ થાય છે. સુખની ખોજમાં સહજ રીતે મળતી જીવનની મોજ પ્રત્યેક વ્યક્તિ ગુમાવે છે અને દોડવા છતાં, પ્રયાસો કરવા છતાં હાથમાં નિરાશા આવે છે ! આશા અને અરમાનો ના સહારે લોકો પોતાની જીવન નૈયા ને હડસેલતા રહે છે અને એક ક્ષણે કોઈક દિવસે એ એવું મહેસૂસ કરે છે કે હવે મને કંઈ ધાર્યા મુજબ પ્રાપ્ત થશે નહીં. તેથી ઉદાસીનતા, નકારાત્મકતા અને અજંપો પ્રવેશવાનું શરૂ થઈ જતું હોય છે. વિશ્વ ગમે તે હદે કુરુપ - વિકૃત થાય છતાં મહદંશે લોકો હજી કર્મના કાયદામાં માને છે અથવા તેનાથી અંકુશિત કે પ્રભાવિત થાય છે. સારા કર્મનો બદલો સારો જ મળે કદાચ વિલંબ થાય પરંતુ ફળ ખરાબ મળતા નથી એ નીતિથી વ્યવહારો ચાલે છે. કર્મમમાં વિશ્વાસ બનાવી રાખવો એ વાસ્તવમાં એક પ્રકારની શ્રદ્ધા કે માન્યતા જ છે જેના પાયામાં આપણો સંસ્કારિતાનો વૈચારિક વારસો તથા વિવિધ ગ્રંથો - શાસ્ત્રો વગેરે છે. શ્રદ્ધા હોવી એટલે શું ? વ્યક્તિનું આત્મબળ અમુક માન્યતા કે ધારણાના લીધે ટકી રહે અથવા સંઘર્ષ કરવા માટે સંકલ્પશક્તિમાં વૃદ્ધિ કરે અથવા તો સંજોગો સામે સ્વયંની હાર માને નહીં તેનું નામ શ્રધ્ધા. શ્રદ્ધા કેટલી હશે એ દરેક વ્યક્તિની વય, ઉછેર, શિક્ષણ, સ્થળ, દિલની ઋજુતા ઉપર અવલંબે છે આ શ્રદ્ધાની ગુણવત્તા ઉપર જીવન સાફલ્યનો મોટો આધાર રહે છે. શ્રદ્ધા કોઈ સજીવ ઉપર હોય, સદ્ગુરુના વચનો પર હોય, ઈશ્વરના સ્વરુપ પર કે સ્થાનક આધારિત પણ જોવા મળે છે. શ્રદ્ધાની શક્તિમાં અવિરત પ્રવાહ મળતો રહે છે, શ્રદ્ધા દશ્યમાન હોતી નથી પણ શ્રદ્ધાપૂર્વર કરેલા કામોના પરિણામો નક્કર રૂપમમાં પ્રાપ્ત થાય એ હકીકત છે !! અતિ સંઘર્ષ અથવા વધુ સંકટ ઘણી વારવ્યક્તિને એટલી ભયંકર પીડા આપે છે કે તે બધી જ શ્રદ્ધા કે માન્યતામાંથી બહાર થઈ જાય છે અને ઈશ્વર જેવું પણ કંઈ નથી હોતું એમ માનવા લાગે છે!

શ્રદ્ધા જીવનનું ઉમદા તત્ત્વ છે. તેમાં કોઈ શંકા નથી પરંતુ અશ્રદ્ધા કે અંધશ્રદ્ધા પુષ્કળ રીતે જીવનને હારિકારક બને છે તે સમજતા લોકોને વાર લાગે છે. સત્ય જ સ્વયં સશક્ત હોય છે અને તેને કોઈ સાક્ષીની આવશ્યકતા નથી. ભગવાન કે ઈશ્વર અનેક સ્વરુપ છે અને શ્રદ્ધાના અગણિત સ્થાનો જોવા મળે છે. છતાં માનવ માનવ વચ્ચે આ ભેદ બાબતે કંકાસ, કકળાટ, ઉચાટ, વ્યગ્રતા જોવા મળે છે. ઈશ્વરે આ સૃષ્ટિને ઉત્પન્ન કરી છે તેમાં વૈવિધ્ય પૂરું ભર્યું છે અને તેનો લય પણ તેની મરજી વિના થતો નથી. સમાજ કોઈ પણ રાષ્ટ્રનો હોય તેને વાસ્તવમાં જરૂરતત છે સાચા વિકાસની અને ઉમદા જીવનની એટલે જીવનને કોઈ જીદભરી વિચારધારામાં કેદ કરવાની ચેષ્ઠા અંતે પ્રગતિ અવરોધક સાબિત થાય છે. સુપ્રીમ પાવર કે ઓથોરિટી કોઈક છે જે આ જગતને ચલાવે છે એટલું સમજાય તો માણસ કદાચ ગમે ત્યાં ભેરવાઈ જતા અટકી જાય છે. ઈશ્વર કરુણામય, પ્રેમમય, શક્તિમય અને પૂર્ણ પ્રકાશિત છે ત્યાં કોઈ ભેદ-જુદાઈ કે ન્યાય-અન્યાય જેવું હોતું નથી. પૃથ્વી ઉપર રહેનારાઓ એ બધું સ્વયંને અનુરુપ સર્જન કર્યું છે તેથી મતમતાંતર અને સમસ્યાઓ ઊભા થાય છે. સાચા-ખોટાનો ભેદ જો માણસને સમજાય જાય તો જીવનમાંથી અંધશ્રદ્ધાનો કકળાટ વિદાય થઈ જાય છે. શ્રદ્ધાની તાકાત એટલી કે જો રસ્તો ભટકી જવાય તો દિશાઓ અનુકૂળ થઈ જાય છે!! શક્તિ અને બુદ્ધિનો જયાં અંત આવે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થતો હોય છે અને બુદ્ધિનો જયાં અંત આવે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થતો હોય છે એટલે કે શ્રદ્ધાએ અતિ ગહન સત્વ જિંદગીનું હોય છે. વિષય બાબતે ક્ષીરનીર કરવાની કમીના લીધે અંધશ્રદ્ધાનો પ્રવેશ જાણે-અજાણ્યે થઈ જાય છે. ખાસ કરીને ધાર્મિકતાના મુદ્દે કોણ શ્રદ્ધાવાન છે યા નથી એ સમસ્યાનો હકીકતમાં માપી શકાય તેવા સાધનો હજી શોધી શકાયા નથી. જીવનના સંગ્રામમાં માત્ર જીત જ મહત્ત્વની હોય પરંતુ જીત કઈ રીતે મેળવી તેની કોઈને પરવાર ના હોય ત્યારે લોકજીવનમાં નહીં પસંદ તેવું ઘણું પ્રવેશી જાય છે જે અંતે લોકોને મહાઆપત્તિના માહોલમાં ધકેલી દે છે!

વિવિધ ધર્મોની અંદર અનેક સંપ્રદાયો અને સ્થાનકો આવેલા છે તેમ છતાં સમયાંતરે આ બધામાં વહીવટ કર્તા કે ત્યાં પૂજાતા લોકો દ્વારા ગોરખધંધાના સર્જક હોવાના કિસ્સાઓ વારંવાર પ્રગટ થતા હોય છે અને તેમાં પણ નારી શોષણ મુખ્ય જોવા મળે છે. આ સમસ્યા માટે લોક જાગૃતિ, લોક શિક્ષણ, અંધશ્રદ્ધાનો અતિરેક જેવા કારણો જવાબદાર છે, કોર્ટના કિસ્સામાં ચુકાદાઓ આવે કે ના આવે પ્રત્યેક માનવની અંદર રહેલાં ન્યાયમંદિરનો અવાજ હરપલ આવતો જ રહે છે એ માનવીને સાંભળતો નથી. કાનૂન અંતે રક્ષણ, સુરક્ષા કે સમાજના હિત માટે બનાવવામાં આવ્યા છે પરંતુ કાનૂનની જીવન સ્વયં ચાલતું નથી. માનવીએ યોગ્ય રીતે સત્યના માર્ગે જાગૃત થઈને ચાલવાનું મહત્ત્વ છે. મંદિર મસ્જિદમાં જ ખુદા કે ઈશ્વર વસે છે એવું માનીને જ જીવવું એ સુખથી દૂર જવાની કમનસીબ વિચારધારા કહી શકાય, રામ કહો કે રહીમ કહો એ શક્તિથી જ વ્યક્તિ જીવે છે. જેનો હેતુ પરહીત નો પ્રભુ એ જ ઊભો કરેલો છે છતાં માનવ જ માનવને હણે, હત્યા કરે, છેતરે, શોષિથ કરે એ છેવટ તો ઈશ્વરનું ઉલ્લંઘન છે. સંસાર ત્યાગીને જતા રહ્યા પછી કામિની અને કલદારમાં મન ભ્રમણ કરતું હોય તો ઉત્તમ એ છેકે ફરીથી સંસારમાં આવી જવું પરંતુ ભક્તિના રંગમાં વાસનાપૂર્તિ કરતા રહેવું એ પાપ કર્મ છે. સત્ય અને પ્રેમનો માર્ગ શૂરાનો છે. સંસારમાં રહીને પણ વિરક્ત થઈ લોકસેવા થઈ શકે છે. સેવા કરવા નહીં અને સેવા મેળવવાની લાલચમાં તો લોકશાહી મરવા પડી હોય તેવો સમય ચાલે છે.

શૅર આસ્વાદ :
પરાર્થે તરે આંખમાં આંસુ જયારે
મળે મર્દને સ્ત્રીની ઊંચાઈ ત્યારે
(ઉમાશંકર જોશી)